## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



અમે બહુ માથાઝીકમાં પડતાજ નથી... આને સાવરણી ગમે અને મને ફુલ...!!

### પાન-મસાલા ખાઈ ગંદકી ફેલાવનાર

# સિવિલના સ્ટાફના કર્મચારીઓ સામે દંડનીય કાર્યવાહી થશે...!

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તમામ પ્રવેશદ્વાર પર છેલ્લા કેટલાક સમયથી દર્દીઓ તેમજ સગાઓના ખીસ્સામાં રહેલા પાન-ગુટકા અને તમાકુ બહાર નીકાળી દેવામાં આવે છે. તેમ છતા અંદર પાન મસાલા ખાઈ પીચકારી મારી ગંદકી ફેલાવનાર સૌથી વધુ સ્ટાફના કર્મચારીઓ જ છે. પાન મસાલા ખાઈ ગંદકી ફેલાવનાર કર્મચારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની તાતિ જરૂરીયાત છે ત્યારબાદ દર્દીના સગાઓ પાસેથી દંડ વસુલવાની કામગીરી કરવી જોઈએ. મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં પાન-મસાલા ખાઈ થુંકવુ નહી તેવા ઠેરઠેર લખાણ લખવામાં આવ્યા છે. તેમ છતા દર્દીના સગાઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ પણ ગુટખાની કે મસાલાની પીચકારી મારી ગંદકી ફેલાવતા હોય છે. હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ, તેમજ ૬૦૦ બેડની હોસ્પિટલમાં પ્રવેશ દ્વાર પર સિક્યુરીટીના ગાર્ડ દ્વારા ચેક કરવામાં આવે છે. પાન મસાલા તેમજ ગુટખા સહિતની ચીજવસ્તુઓ બહાર નીકાળી દેવામાં આવે છે. આ ગુટખા, પાન-મસાલા, તમાકુ, સહિતની ચીજવસ્તુઓ સાંજ પડે સેનેટરી ઈન્સ્પેકટરને ત્યાં જમા થાય છે. તો ત્યાં અત્યાર સુધી કેટલો જથ્થો જમા થયો તે પણ તંત્રના સત્તાધિશોએ ચેક કરવાની જરુર છે. સિવિલના લાગતા વળગતા અધિકારી-કર્મચારીએ ઓફિસમાંથી બહાર નીકળી રાઉન્ડ મારવાની જરુરીયાત ઉભી થવા પામી છે. સિવિલના સત્તાધિશો સાથે રાઉન્ડ મારી કેટલાક કર્મચારીઓ માત્ર કામ કર્યાનો સંતોષ અનુભવે છે. ત્યારે સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીના સગાઓ ગમે તે સ્થળે પીચકારી મારી ગંદકી ફેલાવે તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવી જોઈએ. ત્યારે સાથોસાથે સિવિલના સ્ટાફના કર્મચારીઓ પણ ચાલુ ફરજે પાન-મસાલા,બીડી-સીગારેટ, ગુટખા, તમાકુ સહિત ખાતા નજરે પડે છે. તેમની સામે પણ સિવિલના સત્તાધિશોએ લાલ આંખ કરી દંડનીય કાર્યવાહીની જરુર છે.જયારે તંત્ર દ્વાર ૩૨ વ્યકિત પાસેથી રૂ.૨૬૦૦ જેટલી રકમની વસુલાત કરાઈ છે તો આ અભિયાન આગામી દિવસોમાં પણ કાયમી રહે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગરમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ તંત્રમાં બેઠકોનો સિલસિલો આજથી શરૂ થઈ ગયો હતો જે મોડી સાંજ સુધી ચાલ્યો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પારો આજે ૩૭ ડિગ્રીએ પહોંચ્યો હતો.

● પંચાયત સેવા પસંદગી મંડળએ જુનિ. ક્લાર્ક અને તલાટી સંવર્ગ માટેની ભરતીની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કર્યો છે.

● આજે વિધાનસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થાય તે પૂર્વે મનપાની સ્થાયી સમિતિની બેઠક ૧૧ વાગે મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયત અને મનપાની ગાડીઓ રેક્વીઝીટ આજથી જ કરી દેવાઈ છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરે આચારસંહિતા ભંગની ફરિયાદ માટે ટોલ ફ્રી ફોન નંબર જાહેર કર્યો છે.

● રાજ્યના ગૃહ વિભાગે પાંચ ડી.વાય.એસ.પી.ના બદલીના હુકમો ગઈકાલે મોડી રાત્રે જારી કર્યા હતા.

● જિલ્લા પંચાયતના પ્રોગ્રામ ઓફિસર સુશ્રી મીનાબેન વાળાની બદલી કરાઈ છે. તેમણે આજે ચાર્જ છોડી અમદાવાદ ખાતે હાજર થયા છે.

● જિલ્લા પંચાયતમાં પ્રોગ્રામ ઓફિસર તરીકે પારૂલબેન નાયકની નિયુક્તી કરાઈ છે અને તેમણે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર ચૌધરી વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.

● રાજ્ય પંચાયત કર્મચારી મહામંડળના પ્રમુખ પદેથી પ્રકાશ ત્રિવેદીએ રાજીનામુ આપ્યુ છે. જો કે તેમનુ રાજીનામુ ના મંજૂર કરાયાની વિગતો પણ જાણવા મળી છે.

● સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ-ગાંધીનગરનો વાર્ષિકોત્સવ ૧૩મી નવેમ્બરના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે યોજાશે.

## ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલે ગોકુળપુરા અને સે.૨૦ ખાતે જનસંપર્ક કર્યો.



ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર અને પૂર્વ મેયર શ્રીમતી રીટાબેન પટેલે તેમના લોકસંપર્ક રાઉન્ડ અંતર્ગત તા.૩૦ નવેમ્બર, બુધવારે મતક્ષેત્રના ગોકુળપુરા અને સે.૨૦ ખાતે જનસંપર્ક કર્યો હતો જ્યાં ઠેર ઠેર નાગરિકોએ તેમનું સ્વાગત કરીને સમર્થન દર્શાવ્યું હતું. ભાજપા પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહનું મજબૂત અને નિર્ણાયક નેતૃત્વ, કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણની કામગીરીનું ભાથું તો છે જ તદુપરાંત મેયર તરીકે શ્રીમતી રીટાબેન પટેલે જે પ્રમાણે કાર્ય કર્યા છે

અને વિસ્તારની જનતા વચ્ચે પોતાના કામ થકી તેમની આગવી ઓળખ બનાવી છે તે સમગ્ર વિસ્તારના લોકસંપર્ક દરમિયાન સ્પષ્ટપણે જોઈ શકાય છે. શ્રીમતી રીટાબેન પટેલને જે પ્રમાણે આવકાર મળી રહ્યો છે તે જોતા ભાજપાના ઉમેદવાર તરીકે તેમની ભવ્ય જીત નિશ્ચિત દેખાઈ રહી છે.

## અડાલજ ત્રિ-મંદિર પાસે બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

અડાલજ-મહેસાણા માર્ગ પર ત્રિ-મંદિર પાસે બાઈક લઈને પસાર થઈ રહેલા નરોડાના યુવાનનું બાઈક સ્લીપ ખાઈ જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે લઈ ગયા હતા.

જયાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેર અને આસપાસના મુખ્ય માર્ગો પર રોજ બરોજ અકસ્માતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે અડાલજ ત્રિ મંદિર પાસે વધુ એક અકસ્માતમાં અમદાવાદના નરોડાના યુવકનું મૃત્યુ થયુ હતું. નરોડાની શિવશકિતનગર વસાહતમાં રહેતા તુષાર લાલાજી ઠાકોરે ફરીયાદ આપી હતી કે તેના પિતા લાલાજી આલાજી ઠાકોર તેમના કૌટુબીક દાદાનું અવસાન થતા કડીના સાદરા ગામ ગયા હતા. ત્યાંથી બાઈક લઈને ઘરે આવવા માટે નીકળ્યા હતા.

ત્યારે મહેસાણા-અડાલજ માર્ગ પર ત્રિ મંદિર પાસે તેમનું બાઈક સ્લીપ ખાઈ જતા નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. તેઓને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

ત્યાથી વધુ સારવાર અમદાવાદ સિવિલમાં લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન યુવકનુ મૃત્યુ નિપજયું હતું. હાલ તો અકસ્માતના આ બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પાટણ ખાતે પ્રોહી.ના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

પાટણ જિલ્લાના બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને તેના ઘરે વ્યાસપાલડી ગામ થી એલસીબી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગણતરીના દિવસોમાં વિધાનસભાની ચુંટણી યોજાવાની છે. ત્યારે જિલ્લામાં ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી છે. જિલ્લા તેમજ અન્ય જિલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલ દ્વારા સુચના આપવામાં આવી હતી.



જે અન્વયે એલસીબી પોલીસ મથકના સ્ટાફના જવાનો જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મળેલ બાતમીને આધારે પાટણ જિલ્લાના પ્રોહી એકટમાં ગુનામાં નાસતો ફરતો આરોપી અજયસિંહ નટવરસિંહ વિહોલ (રહે.વ્યાસ પાલડી, વિહોલવાસ તા.માણસા) ને તેમના ઘરેથી એલસીબી પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીની ગુના અંગે પુછપરછ કરતા તે દારૂના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોને સમાવતી દક્ષિણની બેઠક પર જોરદાર જંગ જામ્યો છે. ગાંધીનગર દક્ષિણની બેઠક પર વર્ષોથી પકડ ધરાવતા હિમાંશુભાઈ પટેલને કોંગ્રેસે ટીકીટ આપી છે. હિમાંશુભાઈ પટેલ પોતાના કાર્યકરો સાથે ધણપ પહોંચ્યા હતા અને મતદારો સાથે સીધો સંપર્ક કરી પ્રચારકાર્ય કર્યુ હતુ.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૩૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરી તથા વાંટડા ખાતે વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં ૨ કિ.ગ્રા. ચોખા, કોપરેલ, બે પ્રકારના સાબુ, બિસ્કીટ, અગરબત્તી વિગેરે જેનો લાભ ૭૪ લાભાર્થીને આપવામાં આવ્યો હતો. સાથે જ પેરાસીટામોલની સ્ટ્રીપ પણ આપવામાં આવી હતી. આ સેવાકાર્યમાં નિખિલ ભટ્ટ, મિલિન્દ ગુપ્તે તથા રાજુ રબારી સાથે હતા.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિદ્યાપીઠની ઓચિંતી મુલાકાત લીધી

### વિદ્યાપીઠના સ્વચ્છતા સંકુલો, છાત્રાવાસમાં જઈ ઝાડું લગાવી, કચરો ઉપાડી વિદ્યાર્થીઓને સ્વચ્છતા માટે પ્રેરણા આપી



ગાંધીનગર,તા.૩૦

ગુજરાતના રાજ્ય પાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાત વિદ્યાપીઠની ઓચિંતી મુલાકાત લઈને વિદ્યાપીઠની ગતિ વિધિઓની જાત માહિતી મેળવી હતી. રાજ્યપાલશ્રીએ વિદ્યાપીઠની ઓચિંતી મુલાકાત દરમિયાન વિદ્યાપીઠમાં વર્ગખંડો, છાત્રાવાસ, ભોજનાલય અને સ્વચ્છતા સંકુલોમાં જાતે જઈને માહિતી મેળવી હતી. ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ગાંધીજીના સપનાંની શ્રેષ્ઠ વિદ્યાપીઠના નિર્માણ માટે સંચાલક મંડળ અને વિદ્યાર્થીઓને આહ્વાન કરતા જણાવ્યું હતું કે વિદ્યાપીઠમાં સ્વચ્છતાની જાળવણી એ સૌથી પહેલી આવશ્યકતા છે.

રાજ્યપાલશ્રીએ વર્ગખંડોમાં જઈને સ્વચ્છતાની જાળવણી અને ઉપલબ્ધ સુવિધાઓની માહિતી મેળવી હતી. છાત્રાવાસમાં રહેતાં વિદ્યાર્થીઓના રૂમમાં પહોંચીને વિદ્યાર્થીઓ દ્વારા રૂમ અને છાત્રાવાસ સંકુલોની સફાઈ બાબતે જાત તપાસ કરી હતી. અને વિદ્યાર્થીઓએ સ્વયંશિસ્ત દાખવી રૂમની તેમજ સંકુલની સફાઈ માટે અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ અનુસ્નાતક છાત્રાવાસમાં જાજરૂ-બાથરૂમ આસપાસની ગંદકીને દૂર કરવા, દિવાલો ઉપરના બાવા- ઝાળાંને સાફ કરવા જાતે ઝાડું લગાવી કચરો એકઠો કર્યો હતો અને ઉપસ્થિત વિદ્યાર્થીઓને સ્વચ્છાગ્રહી બનવા ભારપૂર્વક જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે ભોજનાલયની પણ ઓચિંતી મુલાકાત લઈ ??? અહીંની ભોજન વ્યવસ્થા અંગે માહિતી મેળવી હતી. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થી સંકુલની સ્વચ્છતાને સૌથી પહેલી આવશ્યકતા ગણાવી વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે અનુશાસનનો આગ્રહ કર્યો હતો. રાજ્યપાલશ્રીની વિદ્યાપીઠની ઓચિંતી મુલાકાત દરમિયાન કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી તેમજ કુલસચિવ શ્રી નિખિલ ભટ્ટ પણ સાથે રહ્યા હતા.

